**<u>અમદાવાદનાં એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૭, અમદાવાદમાં,</u>**

**ફોજદારી કેસ નં.૫૭૭૭૬/૧૯**

**ફરીયાદીઃ** **સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપીઃ** **પુનમ ચુનીલાલ સોલંકી ×૩**

## <u>–:: જજમેન્ટ ::–</u>

**આરોપીએ બનાવની તારીખે જુગાર રમી રમાડી મળી આવી આ અદાલતની હકુમતમાં જુગારધારા કલમઃ૧૨(અ) મુજબનો ગુનો કરેલ હોઈ, આ અદાલતમાં ચાર્જસીટ રજુ થયેલ છે.આરોપીએ કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી, આ તેમનો પ્રથમ ગુનો હોઈ, ગરીબ માણસો હોઈ, આર્થિક પરિસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબશ્રીનો ચુકાદો** State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 **લક્ષમાં રાખી ઓછામાં ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરું છું.**

## <u>:: હુકમ ::</u>

**દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમઃ૧૨ ના ભંગ બદલ રૂા.૩૦૦× ૪ = ૧૨૦૦(અંકે બારસો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. આરોપીની ઉમંર જોતાં તેમજ તેમનાં પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો** State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 **લક્ષમાં રાખતા સજા કરવામાં આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગગાની રહેશે. મુદામાલ રોકડ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી. મોબાઈલ સંબધે વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે.**

**હુકમ આજ રોજ તા. ૧૪ /૧૨/૨૦૧૯, સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**(બરકતખાન એચ.ઘાસુરા)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૭, અમદાવાદ**
**જજ કોડ નં.૦૦૯૮૩**

**અમદાવાદ**
**તા.૧૪/૧૨/૧૯**